ગાંધીનગર સમાચાર , પાના નંબર :- ૦૮

તારીખ :- ૩૧/૧૨/૨૦૨૪

# ગાંધીનગરમાં મેટ્રોના સચિવાલયથી મહાત્મા મંદિર રૂટમાં બ્યુટીફિકેશનનો ધમધમાટ

**મહાત્મા મંદિર સુધીનો માર્ગ હરિયાળો બનશે : દબાણોની સમસ્યાનું પણ નિરાકરણ આવશે**



**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં મેટ્રો ટ્રેનના સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના રૂટનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થાય તેવી પ્રબળ શક્યતાઓ વચ્ચે તંત્ર દ્વારા આખા રૂટના બ્યુટીફિકેશનની કામગીરી યુદ્ધના ધોરણે તેજ કરવામાં આવી છે. મેટ્રો કોર્પોરેશન અને કોર્પોરેશનના સંયુક્ત પ્રયાસોથી શહેરના મુખ્ય માર્ગો ફરી એકવાર નવું કલેવર ધારણ કરી રહ્યા છે.

રક્ષિત વન વિસ્તારમાં હરિયાળીની સાથે સુરક્ષાના પરિબળો પણ જળવાશે. શહેરના મુખ્ય ૧૪ માર્ગોની બંને બાજુએ જાહેર કરવામાં આવેલા રક્ષિત વન વિસ્તારને વર્ષો બાદ ફરીથી જીવંત કરવાની કામગીરી હાથ ધરાઈ છે. કોર્પોરેશન દ્વારા ફૂટપાથના છેડે ચેઈન લિંક ઝાળી લગાડીને આ વિસ્તારને સુરક્ષિત કરવામાં આવી રહ્યો છે. અહીં મોટા પાયે વૃક્ષારોપણ કરવા માટે ખાડા ખોદવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટથી વર્ષો બાદ પાટનગરના માર્ગો ફરી હરિયાળી નીખરતા જોવા મળશે તેવી આશા સ્થાનિક રહીશોમાં જાગી છે. આ નવી વ્યવસ્થાને કારણે રોડની બાજુમાં ફૂટપાથ પૂરી થતા જ ઝાળી આવી જતી હોવાથી, ફેરિયાઓ અને અન્ય વાણિજ્યિક દબાણો પર આપોઆપ અંકુશ આવશે. જેના પરિણામે રાહદારીઓને ચાલવા માટે ખુલ્લી અને સુરક્ષિત ફૂટપાથ મળી રહેશે. સેક્ટરોમાં આવવા-જવા માટેના જરૂરી રસ્તાઓ ખુલ્લા રાખીને આ ઝાળીઓનું ફિટિંગ કરવામાં આવી રહ્યું છે. બ્યુટીફિકેશનની કામગીરીમાં મેટ્રો કોર્પોરેશન દ્વારા માર્ગની વચ્ચેના ડિવાઈડરમાં લોખંડના મજબૂત એંગલોમાં ચેઈન લિંક ઝાળી ફિટ કરવામાં આવી છે, જે વાંદરાઓના ત્રાસ કે અન્ય દબાણથી વળે નહીં તે રીતે તૈયાર કરાઈ છે. બીજી તરફ રોડની સાઈડમાં મનપા દ્વારા લગાડવામાં આવતી ઝાળીઓમાં વાંદરાઓના કૂદકાને કારણે ક્યાંક વળી જવાની ફરિયાદો ઉઠી રહી છે, જે તંત્ર માટે પડકારજનક બની શકે છે. આકર્ષક લુક અને સુવિધા ઉભી કરવામાં આવશે. મેટ્રોના પિલ્લરો વચ્ચે રાહદારીઓ એકથી બીજી બાજુ જઈ શકે તેવી વ્યવસ્થા પણ જાળવી રાખવામાં આવી છે. સમગ્ર રૂટ પર રોપવામાં આવનાર ફૂલ-છોડ અને વૃક્ષોને કારણે ગાંધીનગરનો પ્રવેશદ્વાર ગણાતો આ વિસ્તાર અત્યંત નયનરમ્ય અને આધુનિક લાગશે. આગામી દિવસોમાં કામગીરી પૂર્ણ થતા જ ગાંધીનગર તેની 'ગ્રીન સિટી'ની ઓળખને વધુ મજબૂત બનાવશે અને મેટ્રોની સફર સાથે નાગરિકોને કુદરતી સૌંદર્યનો પણ અહેસાસ થશે.